જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨/૪/૨૦૧૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૬૩૬/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૧૭૬ લીટર દેશી દારૂ, ૧૩૩ બોટલ ઈન્‍ગ્લીશ દારૂ, ૨૦૦ ક્વાર્ટર ઈન્‍ગ્લીશ દારૂ,૧૪૪ બિયર ટીન, ૨ ઓટોરિક્ષા અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૬૩૭/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>બળાત્કારની ફરીયાદ :-</u> <u>સમાચાર યાદી નં.૬૩૮/૧૫</u>

વટવા : (૧) વટવા વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષની પરણીતાએ તા.૧/૪/૧૫ નારોજ વટવા પોલીસ સમક્ષ વા.સા.હોસ્પીટલ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૩/૧૫ રાતનાં ૧૧/૩૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પડોશમાં રહેતો આરોપી વીરાભાઇ રબારી ચા પીવાના બહાને પરણીતાના ઘરે આવી, પરણીતાની એકલતાંનો લાભ લઇ પરણીતાની મરજી વિરૂધ્ધ બળજબરીથી તેની સાથે શરીર સબંધ બાંધ્યો હતો. તા.૧/૪/૧૫ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે આરોપી વીરાભાઇ રબારી પરણીતાની સામે જોઇ બોલતો હોઇ, પરણીતા ડીપ્રેશનમાં આવી જઇ, ઉંઘની ગોળીઓ ખાઇ લીધી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એચ.સરવૈયા ચલાવે છે.

(૨) દાણીલીમડા વિસ્તારમાં રહેતી ૨૪ વર્ષની પરણીતાએ તા.૧/૪/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૩/૧૫ રાતનાં ૯/૪૫ થી તા.૩૧/૩/૧૫ રાતનાં ૨/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી (૧) મહેરોજમોહમદ ઉમર પઠાણ (૨) શમીમબાનુ મહેરોજમોહમદ પઠાણ (બંને રહે.ચાર માળીયા, વટવા ક્રોસીંગ પાસે, વટવા)એ ભેગામળી પરણીતાને પોતાના ઘરે બોલાવી, શમીમબાનુએ પરણીતાને સોડામાં કેફી પીણુ પીવડાવી બેભાન કરી, મહેરોજમોહમદએ પરણીતાની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.બી.રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરી :-** **સમાચાર યાદી નં.૬૩૯/૧૫**

માધવપુરા : રાજુભાઇ લક્ષ્મણદાસ પરીયાની (રહે.રજનીગંધા, સંતકબીર સ્કુલ પાછળ, સુરધારા સર્કલ, થલતેજ) તા.૩૧/૩/૧૫ રાતનાં ૯/૩૦ વાગ્યાના સુમારે શાહપુર દરવાજા બહાર ચાર રસ્તા પાસે આવેલ મુતરડી નજીકથી કાર ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ “ગાડી ક્યુ બરાબર નહીં ચલાતા” તેમ કહી રાજુભાઇનું ધ્યાન વાતોમાં દોરાવી, તેમના ત્રીજા સાગરીતે રાજુભાઇની નજરચુકવી કારમાંથી રોકડ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- ભરેલ લેપટોપ બેગની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ઝાલા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૪૦/૧૫**

રખિયાલ : દિનેશભાઇ બાલારામ મીશ્રા (ઉ.વ.૪૩)(રહે.ચાચાનગરની ચાલી, નાગરવેલ હનુમાન રોડ, અમરાઇવાડી) એ રખિયાલ પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૧/૪/૧૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાની પત્ની રૂપાબહેન (ઉ.વ.૩૭) ને મોટર સાયકલ પાછળ બેસાડી રખિયાલ નવલ સ્ટુડીયો સામેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન ૪૦૭ મેટાડોર ગાડી નંબર જીજે.૧.ડી.ટી.૩૫૪૦ નાં ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી મોટર સાયકલને ટક્કર મારતા, દિનેશભાઇ અને તેમના પત્ની રોડ ઉપર ફંગોળાઇ જતાં રૂપાબહેનને ગંભીર ઇજાઓ થઇ હતી. સારવાર અર્થે રૂપાબહેનને શારદાબહેન હોસ્પીટલ લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જુવાનસિંહ કાળુસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૪૧/૧૫**

શહેરકોટડા : સુનીતાબહેન રાકેશભાઇ પટણી (ઉ.વ.૨૮)(રહે.અશોકમીલની જુની ચાલી, અનીલ સ્ટાર્ચ, શહેરકોટડા) એ કોઇ કારણસર તા.૩૧/૩/૧૫ રાતનાં ૯/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લેતાં, સારવાર અર્થે તેમને શારદાબહેન હોસ્પીટલમાં દાખલ કરેલ. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજ્યુ છે. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.

એલીસબ્રીજ : સુનીલ બાબુભાઇ રાઠોડ(ઉ.વ.૨૪) તથા ભાવનાબહેન રમેશભાઇ કાઠીયા(ઉ.વ.૨૩)(બંને રહે.લાલબહાદૂર શાસ્ત્રીનગર, બહેરામપુરા) એ પ્રેમમાં નિષ્ફળતા મળતાં તા.૩૧/૩/૧૫ રાતનાં ૮/૪૫ વાગ્યા પહેલાં આંબેડકરબ્રીજ ચંદ્રનગરનાં છેડે સાબરમતી નદીમાં પડી, ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ફતેસિંહ રૂપાભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)